














# બાજીગર... ઓ, બાજીગર...!

**જાદુગરીની ફિલ્મોનો જાદુ દર્શકોને અવાક કરી દે એવો સાવ અનોખો હોય છે. હોલિવૂડની કેટલીક ફિલ્મો એ જમાનાની જૂની ટેક્નિકથી ભલે બની હોવા છતાં એનો આજેય જાદુ અકબંધ છે તો એ જ રીતે જાદુગરીની આજની નવી ડિજિટલ ફિલ્મો પણ દર્શકોને એકસરખા મોહિત કરી દે છે. આવી કેટલીક હેરતભરી ફિલ્મોની એક ઝલક**

કાળા ડિબાંગ અંધારામાં નજર સામેના રૂપેરી પરદા પર સર્જાતાં અવનવાં દૃશ્યોની મોહિની કંઈક અલગ જ છે. એમાંય જો જકડી રાખે એવી કથાવસ્તુ હોય- સચોટ સંવાદ હોય - જમીન પર પગ થપથપાવી- આંગળીથી ચપટી વગાડીને સાથ આપવાનું મન થાય એવું કર્ણપ્રિય ગીત-સંગીત હોય તો દરેક દર્શક બે કલાક સુધી એક આગવી દુનિયામાં ખોવાઈ જાય છે.

હવે ધારી લો કે ફિલ્મની વાર્તા જ કોઈ કીમિયાગાર- જાદુગરની હોય અને એ ફિલ્મની રજૂઆત પણ અફલાતૂન હોય તો એ આપણા પર કેવું વશીકરણ કરે ! આપણે ત્યાં જાદુગરની થીમ પર ફિલ્મો ક્યારેક બને છે - હા, એક જમાનામાં માઈથોલોજી- પૌરાણિક કથાનકવાળી ફિલ્મોમાં આપણને બાબુભાઈ મિસ્ત્રીની ટ્રિક ફોટોગ્રાફી જોવા-માણવા મળતી. પરદા પર અટ્ટહાસ્ય કરતો 10 માથાવાળો રાવણ અને આકાશમાં પર્વત લઈને ઊડતા વીર હનુમાનને જોઈને આપણે અવાક થઈ જતા. બીજી તરફ, આવા જાદુ -ટ્રિક ફોટોગ્રાફીમાં હોલિવૂડવાળા આગળ હતા. આજે તો એમના જેવી જ VFX ઈફેક્ટસ સર્જવવામાં આપણે પણ કાઠું કાઢ્યું છે. ખેર, એ વિષય જ સાવ ભિન્ન છે એટલે એની વાત ક્યારેક કરીશું . આજે તો આપણે અહીં એવી કેટલીક વિદેશી ફિલ્મોની વાત કરવી છે, જેના હીરો જ જાદુગર હોય અને એમની બાજીગરીની કથા દર્શકોની નજરબંધી કરે. હોલિવૂડની આજે પણ યાદગાર છે એવી કેટલીક જાદુગર મૂવીઝમાં ચીલાચાલુ ટ્રિક ફોટોગ્રાફીનો ઉપયોગ થયો હતો. હવે જાદુગરનાં પરાક્રમ -કરતબ દર્શાવવા માટે અતિ આધુનિક ટેક્નોલોજીનો ઉપયોગ થાય છે ત્યારે એની સામે કેટલાક એવી દલીલ કરે છે કે આનાથી મેજિકનું વાસ્તવિક આકર્ષણ ઘટી જાય છે તો અમુક ફિલ્મ સમીક્ષકો કહે છે કે આધુનિક ટેકનિકને લીધે આ પ્રાચીન જાદુ- કલામાં દર્શકોનો રસ ફરી જીવંત થયો છે. આમ તો આવી જાદુગરીના કૌવત દર્શાવતી પંદરેક ફિલ્મ સદાબહાર છે, જેણે જગતભરના દર્શકોને મંત્રમુગ્ધ કર્યા છે. આમ છતાં આજે આપણે વાત કરીએ એમાંથી કેટલીક ફિલ્મ વિશે.

## હુડિની

એ જમાનાના વિખ્યાત જાદુગર હેરી હુડિની અવાક કરી દે એવા એના સાહસિક જાદુના પ્રયોગો માટે જાણીતો હતો. 52 વર્ષની વયે એ અચાનક અવસાન પામ્યો ત્યારે એના ચાહકોને જબરો આઘાત લાગ્યો હતો. લગભગ 100 વર્ષ પછી એનું નામ હજુ પણ ગાજે છે . સાવ અશક્ય ગણાતી એવી અનેક સ્થિતિ- પરિસ્થિતિ વચ્ચેથી એના 'ભાગી' છૂટવાના ખેલ અફલાતૂન હતા, જેમ કે હાથે હાથકડી અને શરીર પર સાંકળ સાથે એક સાંકડી પેટીમાં એને બાંધીને સમુદ્રમાં ડુબાડવામાં આવે છતાં હુડિની એ બધામાંથી છટકી જતો! એ જે રીતે એને બાંધીને ક્રેન પર ઊંધો લટકાવવામાં આવે તો પણ એ છટકી જતો. હાથકડી સાથે એ સીલબંધ શબપેટીમાંથી બહાર આવતો. હજારો દર્શકોની સામે આ પ્રકારની એ જે ભ્રમણા ઊભી કરતો એમાંથી અમુક ટ્રિક્સનાં રહસ્યો હજુય છતાં થયાં નથી. 1953માં પ્રદર્શિત થયેલી આ મૂવીમાં એનાં જીવન અને મૃત્યુ વિશેની કેટલીક કાલ્પનિક ઘટનાઓ ઉમેરવામાં આવી છે જેથી ફિલ્મ વધુ રોચક અને મનોરંજક બની રહે.

## એન ઓનેસ્ટ લાયર (2014)

આ ફિલ્મમાં જેમ્સ રેન્ડીના એક એવો જાદુગર છે જે કોઈ પણ સંજોગોમાંથી છટકી જવામાં કેવો માહેર છે એના ખેલ કરીને દર્શકોને પ્રભાવિત કરતો. સમય વીતતા પોતાના નિવૃત્તિ કાળમાં રેન્ડી વૈજ્ઞાનિક સંશોધકર્તા બને છે, જે છેતરપિંડી કરનારા અનેક ઢોંગી મનોચિકિત્સકોની આબાદ પોલ ખોલે છે.

## ધ ઇલ્યુશનિસ્ટ

હોલિવૂડના જાણીતા કસબી નીલ બર્ગર દ્વારા લિખિત - દિગ્દર્શિત આ રોમેન્ટિક થ્રિલર એક ટૂંકી વાર્તા, આઇઝેનહાઈમ ધ ઈલ્યુઝનિસ્ટ પર આધારિત છે. એમાં ઑસ્ટ્રિયાના ક્રાઉન પ્રિન્સની પ્રેમિકાની હત્યા- આત્મહત્યાની વાત હતી. 1889 વિયેનામાં આકાર લેતી આ ફિલ્મ એક એવા બાજીગર આઇઝેનહાઈમની કથા છે, જે એક અત્યંત રૂપાળી સ્ત્રીનો પ્રેમ પામવા ક્રાઉન પ્રિન્સ સાથે સ્પર્ધા કરે છે.

**ક્લોઝ-અપ જિંદગી**
★ ભરત ઘેલાણી

આ કીમિયાગર આઇઝેનહાઈમ મૃતકોને ફરીથી 'જીવંત' કરવાના જાહેર શો કરીને દર્શકોને અવાક કરે છે. જો કે એ માત્ર લોકોના મનોરંજન માટે આવા પ્રયોગ નથી કરતો . એની પાછળ એનો એક ભેદી હેતુ પણ છુપાયેલો છે, જે પ્રેક્ષકોને છેક છેલ્લે સુધી ગાઢ રહસ્યમાં જકડી રાખે છે. આ ફિલ્મ અદ્દભુત સેટ, આકર્ષક કોસ્ચ્યુમ અને ઉત્કૃષ્ટ અભિનય સાથે કથામાં આવતા અવનવા ટ્વિસ્ટથી ભરપૂર છે. આ ફિલ્મ બોક્સ-ઓફિસ પર ખાસ્સી સફળ રહી હતી. 17 મિલિયન ડોલરના બજેટમાં બનેલી ફિલ્મે 88 મિલિયન ડોલરની કમાણી કરી હતી. આવા જાદુગરોની હેરતભરી બાજીગરી દેખાડતી હજુ પણ કેટલીક યાદગાર ફિલ્મો છે. જાદુગરીની આવી ફિલ્મો હંમેશાં લોકોને ગમે છે કારણ કે રોજની દુન્યવી તકલીફ - આંટીઘૂંટીમાં આપણે બધા એવા બધા અટવાઈ જઈએ છીએ કે ક્યારેક એવું લાગે કે ' હવે આમાં કોઈ ચમત્કાર થાય તો જ આપણે આ મુસીબતમાંથી ઊગરી શકીશું.' આ ચમત્કાર એટલે જાદુ અને આવા જાદુ પર આપણને આસ્થા છે અને એટલે જ આપણી એ આસ્થાનો પડઘો પાડતી જાદુગરીની ફિલ્મો અને એવો જાદુ સર્જનારા બાજીગરોની કથા આપણને વધુ ગમે છે!

હોલિવૂડના ફિલ્મ સમીક્ષકો અને જાણકારો જાદુગરો વિશે સાવ અલગ તરી આવતી ફિલ્મોની નામાવલિ સમયાંતરે રજૂ કરતાં રહે છે. આવાં લિસ્ટમાંથી આપણે હમણાં ૩ ફિલ્મ વિશે વાત કરી. હવે આપણે આવી અન્ય ચાર ફિલ્મ વિશે પણ જાણીએ , જેને વિવેચકો અને દર્શકોએ વધાવી છે. આવી મેજિક ફિલ્મોની વાત કરીએ તો છેલ્લાં બે દાયકામાં આજે પણ અવ્વલ નંબરે જે ફિલ્મ - સીરિઝની વાત થાય છે એ છે હેરી પોટરની ફિલ્મ- કથાઓની.

## હેરી પોટર

છેક 2001ના ઉત્તરાર્ધમાં એક સાવ અજાણી લેખિકા જે.કે.રોલિંગ્સની કથાઓ પર આધારિત હેરી પોટર નામનું એક એવું પાત્ર સર્જાયું , જે બાળક -તરુણોથી લઈને વૃદ્ધોનું ગજબનું લાડકું બની ગયું . એની ફિલ્મોએ 'લોકપ્રિયતા' શબ્દને હોલિવૂડમાં એક નવો જ વળાંક ને વ્યાખ્યા આપી. હેરી પોટર સિરિઝની 8 ફિલ્મમાં અહીં મૂળ લેખનની આગવી કલ્પના શૈલીને ફિલ્મ કાબેલ દિગ્દર્શકોએ અદ્દભુત સ્પર્શ આપ્યો છે, જેને લીધે હેરી પોટરની ફિલ્મો હંમેશાં સફળ નીવડી છે. આમ તો હેરીની ફિલ્મો વિશે ટનબંધ લખાયું છે- ટીવી શૉઝ બન્યા છે એટલે એની એ બધી વાતોનું પુનરાવર્તન અહીં ટાળીને જાદુગરીની અન્ય ફિલ્મો વિશે જાણીએ.

## નાઉ યુ સી મી

અહીં ચાર એવા જાદુગરની ટોળકી છે જે પોતાની જાદુગીરીથી અનેક જાતની ભ્રમણા ઊભી કરવામાં પારંગત છે. 'ફોર હોર્સ'થી ઓળખાતું આ જૂથ પોતાની અવનવી વિસ્મયકારક જાદુઈ ટ્રિક્સ દ્વારા ભ્રષ્ટ સમૃદ્ધ લોકો પાસેથી મોટી રકમ ' સરકાવી' ને પોતાના પ્રેક્ષકોને પહોંચાડે છે. જો કે એમની આ ' કુશળતા' એક ફેડરલ એજન્ટનું ધ્યાન ખેંચે છે અને પછી શરૂ થાય છે આ ચાર જાદુગરના જૂથ અને પેલા FBI એજન્ટ વચ્ચે સંતાકૂકડી અને પકડાપકડીના ખેલ. 'નાઉ યુ સી મી'ની પહેલી મૂવી 2013માં રજૂ થઈ હતી. ત્યારે કુલ 75 મિલિયન ડોલરના બજેટમાં બનેલી આ ફિલ્મનું વર્લ્ડ બૉક્સ ઑફિસ કલેકશન હતું 353 મિલિયન ડોલર! એ પછી 2016માં એની સિક્વલને ય સારી સફળતા મળી. હવે 8 વર્ષ બાદ ત્રીજાની પણ તૈયારી ચાલી રહી છે પણ ફિલ્મને એ જ નામ સાથે રજૂ કરવા માટે ફિલ્મની માર્કેટિંગ ટીમ અસંમત છે એટલે કદાચ નવા નામે એ રજૂ થશે.

## ધ મેડ મેજિશિયન

છેક 1954માં રજૂ થયેલી આ ફિલ્મ એની કથા- ઘટનાના અણધાર્યા વળાંકને લીધે અને સશક્ત અભિનયને કારણે આજે ય જાદુગરીની ફિલ્મોમાં એનો ખાસ ઉલ્લેખ થાય છે. ડોન ગેલિકો નામનો એક યુવા જાદુગર મૌલિક મેજિક ટ્રિક્સ તૈયાર કરવામાં કુશળ છે પણ એનો બોસ, જે ખુદ જાદુગર છે એ ડોનની અમુક ટ્રિક્સ ચોરી પોતાના નામે ચઢાવી એના શો કરે છે. ડોન આનો બદલો લેવા બોસની હત્યા કરે છે. પછી પોતાની ઓળખ બદલીને એ વધુ ગુના આચરે છે જેમાં એ પોતાની જાદુની કુશળતાનો ઉપયોગ કરે છે. આ દરમિયાન એક ડિટેક્ટિવ જાદુગર ડોનના પગેરું શોધી એની પાછળ પડે છે. અહીં રજૂ થતી જાદુની અનેરી યુક્તિઓ દર્શકો માટે જબરું સસ્પેન્સ સર્જે છે.

## ધ પ્રેસ્ટિજ

આ વર્ષે મોટા ભાગના બહુ પ્રતિષ્ઠિત 'ઓસ્કર્સ' અને એ જ કક્ષાના ' ગોલ્ડન ગ્લોબ'અવોર્ડસ જીતી લઈને સપાટો બોલાવનારી બહુ ચર્ચિત ફિલ્મ : ' ઓપનહાઈમર'ના દિગ્દર્શક ક્રિસ્ટોફર નોલન આંતરરાષ્ટ્રીય ફિલ્મજગતમાં બહુ ઊંચું નામ છે. 2006 માં રજૂ થયેલી એમની લિખિત - દિગ્દર્શિત આ ફિલ્મે એ સમયે પણ સારી ચર્ચા જગાડી હતી. (IMDb રેટિંગ: 8.5/10) અહીં ફિલ્મકથા બે પ્રતિસ્પર્ધી જાદુગરોની આસપાસ ફરે છે. આમ તો એ બન્ને એકમેકના સારા મિત્ર છે પણ એક જાદુગરની પત્નીના મૃત્યુ પછી એ બન્નેની મિત્રતા દુશ્મનીમાં પલટાઈ જાય છે. એકબીજાના જાદુ- શોને બરબાદ કરવા માટે કંઇ પણ કરતૂત કરતાં રહે છે. અવનવા જાદુના પ્રયોગો- પ્રેમ અને વિશ્વાસઘાતના ધારદાર તત્ત્વો ધરાવતી આ ફિલ્મ જબરી ઉત્કંઠા - સસ્પેન્સ જમાવીને દર્શકો છેક છેલ્લે સુધી જકડી રાખે છે. આમ તો જાદુગરી અને એના કુશળ કસબી એવા બાજીગરોની વિસ્મય કથા અનેક છે. એમના પરથી બનેલી અનેક ફિલ્મો પણ છે પણ એમાંની હજુ કેટલીક નોંધપાત્ર ફિલ્મો વિશે આપણે વાત કરવાની બાકી છે. આપણો ખજાનો હજુ ખૂટ્યો નથી. એ વિશે વાત કરીશું ફરી ક્યારેક !